નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2021 / ૧૨૯૦-૧૩૦૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 15/01/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી- તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ
શાસનાધિકારીશ્રી-તમામ

વિષય: રાજ્ય કક્ષાએથી તૈયાર થતી કસોટીઓના જવાબો પ્રસારિત કરનાર ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા બાબત....

શ્રીમાન,

ઉપરોક્ત વિષય સંદર્ભે આપ સુવિદિત છો એ મુજબ રાજ્ય સરકાર દ્વારા નિયત થયા મુજબ સત્રાંત કસોટીઓ તેમજ સામયિક મૂલ્યાંકન (એકમ) કસોટીઓ રાજ્ય કક્ષાએ તૈયાર કરીને જિલ્લામાં મોકલવામાં આવે છે અને ત્યારબાદ વિદ્યાર્થીઓને મોકલવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં પ્રશ્નપત્રોની ગોપનીયતા માટે આપણે પ્રયાસ કરીએ છીએ પરંતુ, અત્યારના સંજોગોમાં વિદ્યાર્થીઓ ઘરે રહીને પણ પોતાની અનુકૂળતાએ આ કસોટીઓ વેબસાઈટ, પાઠ્યપુસ્તકમાં આપેલા QR કોડ, સોશિયલ મીડિયા વગેરે દ્વારા મેળવી શકે એવું આયોજન કરેલ છે. આમ, પ્રવર્તમાન સંજોગોમાં પ્રશ્નપત્રોની ગોપનીયતા એ મોટો મુદ્દો નથી, પરંતુ પ્રશ્નોના જવાબો તૈયાર કરીને પ્રસારિત-પ્રચારિત કરવા તે ગુનો બને છે.

કેટલાક લોકો આ કસોટીઓમાં આપેલા પ્રશ્નોના જવાબો તૈયાર કરીને સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા પ્રસારિત કરે છે. આ મૂલ્યાંકન કસોટીઓ મુખ્યત્વે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માપીને, જે તે શિક્ષક દ્વારા જરૂરી નિદાન-ઉપચાર માટે હોય છે, પ્રશ્નોના તૈયાર જવાબો વિદ્યાર્થીના અધ્યયનને ભારે નુકસાન કરે છે. આ ઉપરાંત, આ કસોટીઓ રાજ્ય સરકારની માલિકીની હોઈ, તેનો અન્યથા ઉપયોગ ન કરી શકાય. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા આ પ્રશ્નોના જવાબો પ્રચારિત-પ્રસારિત કરે તો તેમની ઉપર કોપી રાઈટ ભંગ અને અન્ય ગુનાઓ બદલ કાયદેસરની કાર્યવાહી કરવાની થાય. હવે પછી આપના જિલ્લામાં કોઈ પણ કસોટીના પ્રશ્નોના જવાબ તૈયાર કરીને પ્રકાશિત -પ્રસારિત કરનારને અટકાવવા જરૂરી પગલાં લેશો અને તે અંગે અત્રે જાણ કરશો.

વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટેની કસોટીઓનો મૂળ હેતુ જળવાઈ રહે તે અંગે આપની કક્ષાએથી પૂરતી તકેદારી રાખવા વિનંતી છે.

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:
- માન. સચિવશ્રી - શિક્ષણ (પ્રાથમિક અને માધ્યમિક), સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસ.એસ.એ., ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ક્રમાંક/જિ.પ.ન./મકમ/શિક્ષણ/વશી/
જિલ્લા પંચાયત કચેરી,
શિક્ષણ શાખા, નર્મદા. (રાજપીપલા)
તારીખ :- ૯૮ / ૧ /૨૦૨૨

પ્રતિ,
B.R.C તમામ
C.R.C તમામ
વા- ઉપરોક્ત પત્રમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,
જિલ્લા પંચાયત, નર્મદા.